**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૮ ટકા

# ભાઈએ શિક્ષિકા બહેનને દોઢ લાખનો ચુનો લગાવ્યો

**ખાતામાંથી દોઢ લાખ ગાયબ થઈ જતા શિક્ષિકાએ બેંક મેનેજરનો ઉધડો લીધો : તપાસ કરી તો રૂપિયા તેણીના ભાઈના ખાતામાં જમા થઈ ગયા હોવાનું ખુલ્યું : ટ્રાન્ઝેકશન કરીને ભાઈ મોબાઈલમાંથી મેસેજ ડીલીટ કરી દેતો હતો**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સે-૧૨ ખાતે રહેતી એક શિક્ષિકાના બેંક ખાતામાંથી દોઢ લાખ રૂપિયા તબક્કાવાર ઉપડી ગયા હતા. કોઈ ફ્રોડનો ફોન પણ આવ્યો ન હતો કે એટીએમ-ઓટીપી વિગતો પણ કયાંય આપી ન હતી. છતાં દોઢ લાખ રૂપિયા ખાતામાંથી ગાયબ થઈ જતા શિક્ષિકાએ બેંક મેનેજરનો ઉધડો લઈ લીધો હતો. પોલિસને પણ આડે હાથ લઈ લીધી હતી. શિક્ષિકા પાસેથી અરજી લીધા બાદ ખાતામાંથી કયાં ટ્રાન્ઝેકશન થયા છે તેની વિગતો કાઢી બેંકે પોલિસને આપી અને રૂપિયા ઉપાડી લેનાર શખ્સ સુધી પોલિસ પહોંચી તો શિક્ષિકા ખુદ સ્તબ્ધ થઈ ગઈ હતી. શાળાએ જતી વખતે મોબાઈલ ઘરે મુકીને જતી શિક્ષિકાનો મોબાઈલ લઈને તેના ભાઈએ જ રૂપિયા તેના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હોવાનું ખુલતા શિક્ષિકાની બોલતી બંધ થઈ ગઈ હતી. આખરે આ મામલે પોલિસ ફરિયાદ નોંધાવાનું ટાળી શિક્ષિકા સ્થળ છોડીને નીકળી ગઈ હતી...!

ગાંધીનગરની એક શિક્ષિકાને કેશલેશ ટ્રાન્ઝેકશનનો એક પાઠ ભણવા મળ્યો...! બેંક ઓફ ઈન્ડિયા સે-૧૬માં ખાતુ ધરાવતી શિક્ષિકાને તાજેતરમાં ખાતામાંથી દોઢ લાખ રૂપિયા ગાયબ થઈ ગયા જાણ થઈ..! મોબાઈલમાં ટ્રાન્ઝેકશનના કોઈ જ મેસેજ આવ્યા ન હતાં. શિક્ષિકા બેંકમાં ગઈ અને મેનેજરને આડે હાથ લીધા...! મેનેજરે પછયું કે કોઈ એટીએમ કે બેંક ખાતાની વિગત મેળવવા માટેનો ફોન આવ્યો હતો. શિક્ષિકાએ કહ્યું કે ના, હું શિક્ષિકા છું આવા ફોનના જવાબ ન અપાય એ સારી રીતે જાણું છું. અને આવો કોઈ ફોન પણ આવેલો નથી તમારી બેંકની જ ભુલ છે. મેનેજરે અરજી લઈને ટ્રાન્ઝેકશનની તપાસ કરીને કહીશ તેમ જવાબ આપી પોલીસને પણ અરજી આપવા સલાહ આપી હતી. પોલિસ સ્ટેશનમાં જઈને શિક્ષિકાએ અરજી આપી તપાસ કરવા અરજ કરી હતી. બેંક મેનેજરે ટ્રાન્ઝેકશન ડીટેઈલ કાઢીને જે ખાતામાં રૂપિયા ટ્રાન્સફર થયા હતા તેની વિગત પોલિસને આપી! પોલીસે તે ખાતાધારકની ડીટેઈલ કાઢીને શિક્ષિકાને બતાવી તો શિક્ષિકા ચોંકી ગઈ હતી. પોલિસે જે ખાતેદારનું નામ જણાવ્યું તે ખાતેદાર શિક્ષિકાનો સગો ભાઈ જ હતો. શિક્ષિકા શાળાએ જાય ત્યારે મોબાઈલ ઘરે મુકીને જતી હોય છે ત્યારે બપોરે તેનો ભાઈ મોબાઈલ લઈને ઓનલાઈન બેકીંગની મદદથી બહેનના ખાતામાંથી પોતાના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરી લેતો હતો. આ વિગતો ખુલ્યા બાદ પોલિસ અને બેંક સત્તાધીશોએ ફરિયાદ આપવા શિક્ષિકાને આગ્રહ કર્યો તો ફરિયાદ નથી આપવી તેમ કહી માફીપત્ર લખાવી દીધું હતું અને શિક્ષિકાએ નીચું જોવાનો વારો આવ્યો હતો.

# રાયસણ સ્થિત ગુડાના આવાસો પાસે મૃત પશુની દુર્ગંધથી નાગરીકો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં દાયકાઓના અંતે પણ હજુ રખડતા ઢોરની સંપૂર્ણ સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી. રખડતા ઢોર ઉપરાંત મૃત પશુઓના નિકાલ માટે પણ અસરકારક વ્યવસ્થા ગોઠવાઈ નથી. શહેર ઉપરાંત ગુડા વિસ્તારમાં પણ આ સમસ્યાઓ સ્થાનિક રહીશો માટે મુંઝવણનું કારણ બની છે. રાયસણમાં છેલ્લા બે દિવસથી મૃત ગાયનો નિકાલ ન થતા સ્થાનિક રહીશો દુર્ગંધયુકત માહોલમાં ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ વિસ્તારમાં મૃત ઢોરની નિકાલ માટેની વ્યવસ્થા સંદર્ભે પણ રજુઆત કરતા સ્થાનિકોને એક થી બીજા તંત્ર દ્વારા ખો આપવામાં આવી રહ્યો છે.



ગાંધીનગર ગુડા દ્વારા રાયસણ વિસ્તારમાં સુંદર આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં હજ્જારો નાગરીકો વસવાટ કરે છે ત્યારે પ્લોટ નં-૩૫૨ ના એચ બ્લોકની બાજુમાં આવેલ ખુલ્લી જમીનમાં છેલ્લા બે દિવસથી એક મૃત પશુ પડી રહ્યું છે. આ મૃત પશુને પગલે અતિશય દુર્ગંધ મારતા નાગરીકોનું રહેવું મુશ્કેલીરુપ બની ગયું છે. ત્યારે ચોમાસાની સિઝન તેમજ મૃત પશુના નિકાલની યોગ્ય વ્યવસ્થા તંત્ર દ્વારા નહીં કરવામાં આવે તો નાગરીકોના આરોગ્ય સામે ખતરો ઉભો થઈ શકે છે. જયારે નાગરીકોએ મૃત પશુના નિકાલ માટે વારંવાર ટેલીફોનીક સંપર્ક કરતા તંત્ર દ્વારા એકબીજાને ખો આપવામાં આવે છે. ત્યારે મૃત પશુનો મૃતદેહ સત્વેર હટાવવામાં આવે તેવી રહીશોની લાગણી-માંગણી છે.

# સિવિલ હોસ્પિટલમાં ડ્રાઈવર રૂમના સ્થાને વીઆઈપી બેઠક વ્યવસ્થા તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૧૫

પાટનગરની હોસ્પિટલમાં સારવાર માટે વીવીઆઈપી મહેમાનોનો આવરો-જાવરો ચાલુ રહેતો હોય છે. જો કે સિવિલ તંત્રના અધિકારીઓ દ્વારા યોગ્ય માર્ગદર્શન ના મળે અથવા કામમાં વિલંબ થાય તો વીઆઈપીને માઠું લાગતુ હોય છે. તેવી સ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં સારવાર માટે આવેલા ભારતીય જનતા પાર્ટીના વીવીઆઈપી નેતાને ઓળખી ન શકનાર સિક્યુરીટી સહિત એજન્સીનો કોન્ટ્રાકટ રદ થાય તેવી શકયતાઓ પ્રબળ બની છે. હોસ્પિટલ તરફથી ખાનગી એજન્સીને આ મહિનાના અંતિમ દિવસે સેવા સમાપ્તીની નોટીસ ફટકારી છે. જેને પગલે હવે સિવિલ તંત્ર દ્વારા કોઈ વીવીઆઈપીને માઠું ન લાગે તે માટે વીવીઆઈપી લોંન્જ બનાવવાની કામગીરી આંરભાઈ છે. તંત્ર દ્વારા તાત્કાલીક ડ્રાઈવર રૂમ ખાલી કરાવીને ત્યાં વીઆઈપી લોંજ બનાવવાની કામગીરીનો આરંભ કરી દીધો છે.

પાટનગરમાં વીવીઆઈપી અને મોટા અધિકારીઓ વસવાટ કરતા હોવાથી દરેક વ્યકિત રોફ મારતો નજરે પડે છે. ત્યારે હોસ્પિટલમાં સારવાર માટે આવતા વીવીઆઈપીઓને પણ જો તંત્ર દ્વારા ઉણપ વર્તાય તો અધિકારીઓ પર સચિવાલયથી ફોનની ઘંટડીઓ રણકી ઉઠે છે. જયારે હોસ્પિટલમાં આંતરે દિવસે વીવીઆઈપી આવે જ છે અને તંત્ર દ્વારા સરભરા પણ કરવામાં આવે છે. છતા હવે તંત્ર દ્વારા ખાસ વીઆઈપી લોંજ તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં સુંદર બેઠક વ્યવસ્થા હશે તેમજ હોસ્પિટલનો એક કર્મચારીઓ ત્યાં ફરજ પર હાજર રહેશે. તેમજ વીવીઆઈપી આવતા સિવિલના સત્તાધિશોને જાણ કરશે. જયારે આ અંગે તાત્કાલીક ડ્રાઈવર રૂમ ખાલી કરવામાં આવ્યો છે અને પીઆઈયુ વિભાગ સાથે બેઠક કરીને કામગીરી પણ શરુ કરવાનું સિવિલ તંત્ર દ્વારા જણાવી દેવામાં આવ્યું છે. ત્યારે તેની સાથે સાથે તાત્કાલીક વિભાગમાં પણ બેઠક વ્યવસ્થા તેમજ જરુરી કામગીરી શરુ કરવામાં આવનાર છે.

**@ગાંધીનગર**

● ગાંધીનગર તાલુકા આચાર્યની એક બેઠક ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

**આઈ લવ માય ગાંધીનગર**



**એમ આઈ સુથાર**

**ગાંધીનગર ગમે**

સ્વચ્છતા અપનાવી રહેલું, રાજ્ય સરકારની કચેરીઓથી ધમધમતું રાજ્યપાલ, પ્રધાનો, ધારાસભ્યો, સંતો, સિનિયર સિટિઝન્સ, પ્રજાજનો, ધંધાદારીઓ જેવી વિવિધતા ધરાવતું રાષ્ટ્રપિતાના નામથી પ્રચલિત અને મહાત્મા મંદિર, સ્વામિનારાયણ મંદિર તેમજ અન્ય મંદિરોથી શોભતું ગાંધીનગર ઘણાં કારણોસર ગમે છે.

**નગરજનો**

સરકારમાં ચાલુ, નિવૃત્ત કર્મચારીઓ, વેપારીઓ, વકીલો, એન્જિનીયર્સ, રાજકારણીઓ, સંત મહાત્માઓ, કોન્ટ્રાક્ટરો, દલાલો, લારી-ગલ્લાઓથી જીવનનિર્વાહ કરતા વ્યક્તિઓથી ગાંધીનગરનાં તમામ સેક્ટરો ધબકતાં રહે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ભારતીય નિવૃત્ત મંડળ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, પોસ્ટલ પેન્શનર્સ એસો., કલ્ચરલ ફોરમ, અરવિંદ કેન્દ્ર, વહેપારી મંડળ, શહેર વસાહત મંડળ, કડી કેળવણી મંડળ, જ્યોતિ મહિલા મંડળ, જલારામ સેવા સમાજ, નહેરુ યુવા કેન્દ્ર તેમજ વિશ્વકર્મા સેવા સમાજની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

શહેરનો દબાણમુક્ત, ગંદકીમુક્ત, ગાયો-કૂતરાંથી મુક્ત કરવા 'વૉચ ઍન્ડ કૅર' સંસ્થા રચવાની જરૂર છે, જે કાળજીપૂર્વક તકેદારી રાખે જેથી દબાણ ન થાય અને ઝાડપાનને નુકસાનથી બચાવી શકાય. દરેક ચાર રસ્તા પાસે પે ઍન્ડ યુઝ ટોયલેટ બનાવવાની તથા ટ્રાફિક નિયમનો સખ્તાઈથી અમલ કરવાની જરૂર છે.

**નગર માટે હું કરી શકું**

જરૂરિયાત પ્રમાણે વિકાસનાં કામોમાં સહભાગી થવા તત્પર છું.

# ઉનાવા હત્યા પ્રકરણમાં આરોપી પિતા-પુત્રની ધરપકડ

**લાકડીઓ મારીને પ્રેમી યુવકના પિતાની હત્યા કરી લેનાર ચાર પૈકી બે હજુ ફરાર**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક ઉનાવા ગામમાં પ્રેમી યુગલ એક મકાનમાં રાત્રે પ્રેમાલાપ કરવા બેઠું હતું અને યુવતીના ત્રણ ભાઈઓ તથા પિતા આવી ગયા હતા. યુવકની ધોલાઈ શરુ કરી ત્યારે યુવકના પિતા તેને બચાવવા આવ્યા અને તેમને યુવતીના પિતા અને ભાઈઓએ લાકડીઓથી ઢોર મારી મારીને મોતને ઘાટ ઉતારી દીધા હતાં. ચાર સામે ગઈ કાલે હત્યાનો ગુનો નોંધાયો હતો. ચાર આરોપીઓ પૈકી પિતા-પુત્ર બેની ધરપકડ કરી લેવાઈ છે તો અન્ય બે આરોપીઓની ધરપકડ માટે પોલિસે ચક્રો ગતિમાન કર્યા છે.

ઉનાવા ગામમાં રહેતા જીગ્નેશ નટવરભાઈ પરમાર નામનો યુવક તેના જ ગામમાં રહેતી તેની પ્રેમિકા સાથે રાત્રે એક અવાવરુ મકાનમાં જઈને પ્રેમભરી વાતો કરી રહ્યા હતા ત્યારે યુવતીના પિતા અને ભાઈઓ આવી ગયા હતા. જીગ્નેશને ઢોર માર મારવાનું શરુ કરતા જીગ્નેશના પિતા તેને બચાવવા આવી ગયા હતા. યુવતીના પિતા અને ત્રણ ભાઈઓ જીગ્નેશના પિતા નટવરભાઈને મારવા લાગ્યા અને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ મામલે જીગ્નેશની ફરિયાદ આધારે હત્યાનો ગુનો નોંધી પેથાપુર પોલિસે ચારની ધરપકડ માટે તજવીજ શરુ કરી હતી. દરમિયાન પોલીસે નરશી ખોડાભાઈ પરમાર અને પુત્ર હિતેશ નરશીભાઈ પરમારની ધરપકડ પેથાપુર પોલીસે કરી લીધી છે જયારે અન્ય બે આરોપીઓ બિપીન અને જશુની શોધખોળ શરુ કરવામાં આવી છે.

# જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટે ૧૦મી જુલાઈથી બાળ ફિલ્મોત્સવ

ગાંધીનગર, તા.૧૫

સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં તા. ૧૦થી ૧૫ મી જુલાઈ, ૨૦૧૭ દરમ્યાન બાળ ફિલ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાળ ફિલ્મોત્સવમાં ગાંધીનગર જિલ્લાની વિવિધ સરકારી પ્રાથમિક શાળાના ધોરણ- ૬ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જિલ્લાની મલ્ટીપ્લેક્ષ સિનેમાઓમાં ફિલ્મ બતાવવામાં આવશે. આ ફિલ્મોત્સવ અંતર્ગત અંદાજે ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના અંદાજે ૪૦ હજારથી વધુ બાળકો ફિલ્મ જોશે.

સમગ્ર ગુજરાતમાં સરકાર દ્વારા રાજયની વિવિધ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ-૬ થી ૮માં અભ્યાસ કરતા બાળકો માટે રાજયભરમાં બાળ ફિલ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. બાળ ફિલ્મોત્સવનો લાભ તમામ જિલ્લાના વિદ્યાર્થીઓને મળી રહે તે માટે તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેકટરશ્રી ના અધ્યક્ષ સ્થાને એક કમિટીની રચના કરવામાં આવી છે. જે અંતર્ગત આજ રોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને રચાયેલ કમિટીની બેઠક મળી હતી.

આજે મળેલ બેઠકમાં ગાંધીનગર જિલ્લાના વિવિધ મલ્ટીપ્લેક્ષ અને અન્ય સિનેમા ગૃહના સંચાલકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં સર્વે સિનેમાગૃહના માલિકો અને સંચાલકોએ સર્વાનુમતે સંમિત આપી હતી. શાળાને નજીક પડતા સિનેમાગૃહોમાં સવારના શૉ માં બાળ ફિલ્મો બતાવવામાં આવશે. બાળ ફિલ્મોત્સવ દરમ્યાન બાળકોને ઈકબાલ, ચિલ્લર પાર્ટી, સ્ટેનલી કા ડબ્બા, આઈ.એમ.કલામ, ફેરારી કી સવારી, જલપરી- ધ ડેસર્ટ મરમેઈડ, હવા હવાઈ, ધનક અને મીશન મમ્મી (ગુજરાતી) ફિલ્મ બતાવવાની નક્કી કરવામાં આવી છે.

# નરોડા દહેગામ હાઈવે પર અકસ્માતમાં ઈટર્નો ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા નજીક આવેલા ઈસનપુર મોટા ગામમાં રહેતા જીગ્નેશ ભલાભાઈ પ્રજાપતિના બાપાનો દિકરો દિલીપ અમૃતભાઈ પ્રજાપતિ ગઈ મોડી સાંજે ઈટર્નો લઈને નરોડાથી દહેગામ તરફ આવી રહ્યો હતો. હાઈવે પર વડોદરા ગામના પાટીયા પાસે અજાણ્યા વાહનના ચાલકે ઈટર્નોને અડફેટે લઈ લેતા ઈટર્નો સાથે દિલીપભાઈ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. દિલીપભાઈનું ઘટના સ્થળ પર જ મૃત્યુ નિપજયું હતું તો આરોપી વાહનચાલક વાહન લઈને સ્થળ પરથી રફફુચક્કર થઈ ગયો હતો. ડભોડા પોલીસે હીટ એન્ડ રનના આ ગુનાની ફરિયાદ લઈ પીએસઆઈ ડી.બી. વાળાએ વધુ તપાસ શરુ કરી છે.

# સે-૨૧માંથી બાઈકની ઊઠાંતરી કરનાર શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ દિગ્વીજયસિંહને બાતમી મળી હતી



કે સે-૨૧ આર વર્લ્ડ થિયેટર પાસેથી બાઈકની ચોરી કરી જનાર એક શખ્સ લેકાવાડાનો છે. બાતમીને આધારે લેકાવાડા જઈ એલસીબીની ટીમે ચોરીના હોન્ડા ડીલક્ષ બાઈક સાથે અમરીશસિંહ કેસરીસિંહ વાઘેલાને તેના ઘરેથી પકડી પાડયો છે. આ બાઈક ૧૧ જુને આર વર્લ્ડ થિયેટરના પાર્કીંગમાંથી ચોરી થયું હતું. અમરીસિંહની ધરપકડ કરીને એલસીબીએ વધુ પુછપરછ શરુ કરી છે.

# ધોરણ-૧૨ પછી શું?ની માર્ગદર્શક પુસ્તિકા મિનાક્ષી એન્ટરપ્રાઈઝ પરથી વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી શ્રી નિશિત વ્યાસે જણાવ્યું છે કે ધોરણ-૧૨ પછી જીવનની પ્રગતિ માટે અભ્યાસક્રમોની પસંદગી અતિઆવશ્યક બની જાય છે. હાલના સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પોતાની ક્ષમતા અનુરુપ અભ્યાસક્રમ પસંદ કરી શકે અને તેમાં અસરકારક દેખાવ કરે તે માટે સતત દસમા વર્ષે વિના મુલ્યે કારકિર્દી માર્ગદર્શક પુસ્તિકા દ્વારા માહિતી પુરી પાડવાનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે આ સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે.

વધુમાં શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે કોંગ્રેસના શાસન દરમિયાન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંગ તથા કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના નેતૃત્વ હેઠળ સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે અસરકારક કામગીરી કરવામાં આવી હતી. દેશના દરેક બાળક માટે મૂળભૂત અધિકાર તરીક સમાવેશ કરીને કોંગ્રેસ પક્ષની કેન્દ્ર સરકાર 'રાઈટ ટુ એજયુકેશન' કાયદાનું સ્વરૂપ આપ્યું છે. દેશના સમગ્ર વિકાસ માટે આ ઐતિહાસિક કાયદો બેન્ચમાર્ક સાબિત થયો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રકાશિત ધોરણ-૧૨ પછી શું? સચોટ માહિતી અને માર્ગદર્શક પુસ્તિકાનું વિતરણ ગાંધીનગર ખાતે વહેલા તે પહેલાના ધોરણે મીનાક્ષી એન્ટરપ્રાઈઝ પ્લોટ નં. ૩૮૧, સેકટર-૧૬-એ થી થશે જેથી વિદ્યાર્થીઓ-વાલીઓએ માર્કશીટની કોપી અને પુસ્તકાલયના તેમજ શૈક્ષણિક સંસ્થાના સંચાલકશ્રીઓએ સંસ્થાનો પત્ર સાથે લઈ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

# પીડીપીયુમાં કેન્ટીનનું લોકર તોડી વેઈટર રૂ. ૧.૩૨ લાખ ચોરી ગયો

**સીસીટીવી કેમેરામાં કેદ વેઈટર સામે સંચાલકે નોંધાવી ફરિયાદ**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલી પીડીપીયુ કોલેજની કેન્ટીનમાં નોકરી કરતો વેઈટર કેન્ટીનનું લોકર તોડીને અંદરથી રોકડ રૂ. ૧.૩૨ લાખ ભરેલી બેગની ઉઠાંતરી કરી રફફુચક્કર થઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. કેન્ટીનના સંચાલકે વેઈટર સામે ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી સીસીટીવી કેમેરા તપાસી ફરાર વેઈટરની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પંડિત દીનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટીમાં જયસ્વાલ કેન્ટીનના સંચાલક વિજયભાઈ શ્રીનંદકિશોર રાજપુતે ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં તેમના જ એક વેઈટર સામે ચોરીની ફરિયાદ નોંધાવી છે. ૨૦મે એ રાત્રે સવા બારથી પોણા એક વાગ્યાના અડધો કલાકના અરસામાં કેન્ટીનમાંથી લોકરનો નકુચો તોડીને રૂપિયા ભરેલી બેગની ચોરી થઈ હતી. અમદાવાદ ખાતે રહેતો અને કેન્ટીનમાં નોકરી કરતો વેઈટર જસવંત પંડલી રૂ. ૧,૩૧,૯૩૦ રોકડ ભરેલી બેગની ચોરી કરી ફરાર થઈ ગયો હોવાની વિગતો મળતા સંચાલકે વેઈટર સામે ફરિયાદ આપી સીસીટીવી ફુટેજ મેળવવાનું શરુ કર્યું છે. ઈન્ફોસીટી પીએસઆઈ આર.એન. વાઘેલાએ ગુનો દાખલ કરી ઘટનાની ઉંડાણપુર્વક તપાસ શરુ કરી છે.

# સે-૪માં બંધ સ્ટ્રીટ લાઈટ સત્વરે ચાલુ કરવા રજુઆત

ગાંધીનગર, તા.૧૫

સમગ્ર ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટમાં એલઈડી લગાવેલ છે તે પ્રસંશનીય કાર્ય છે. સમગ્ર સ્ટ્રીટ લાઈટનું નેટવર્ક મેઈન્ટેનન્સ પાટનગર યોજના પાસે અને સ્ટીક (બલ્બ) એલઈડી એજન્સી પાસે છે જેના કારણે સામાન્ય નાગરિકો કે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ફરિયાદ માટે આ વિભાગોની કામ ટાળવાની સંતાકૂકડીની રમતથી પ્રજાને મુશ્કેલી ભોગવવાનો વારો આવે છે. સે-૪ના સરકારી દવાખાનાના રોડ ઉપરની સ્ટ્રીટ લાઈટ છેલ્લા ઘણા સમયથી બંધ રહેતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છે જેનાથી વસાહતીઓને રાત્રે અંધારામાં ખૂબ તકલીફ પડે છે. તો ઉપરોકત સમસ્યાનો બને તેટલો જલ્દી ઉકેલ લાવવા વસાહતીઓએ વિનંતી કરી છે.

# આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ રમવા ચેસના ખેલાડીઓને આર્થિક સહાય

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજયના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ અંતર્ગત ગુજરાત રાજયના ખેલાડીઓને આંતર રાષ્ટ્રીય ટુર્નામેન્ટ રમવા આશરે રૂા.૧૪.૫૦ લાખ જેટલી માતબર રકમની આર્થિક સહાય આપવામાં આવી હતી. સૌ પ્રથમ વખત ચેસના ૧૭ જેટલા ખેલાડીઓને (૧) ધ્યાના પટેલ (૨) વૃષ્ટી શાહ (૩) જ્વલીન મહેતા (૪) અનિલાબેન શાહ (૫) ઋત્વી શાહ (૬) વૃંદેશ પારેખ (૭) વ્રજ કાયસ્થ (૮) નૈતિક મહેતા (૯) સાહિલ સમદાણી (૧૦) કવિશા શાહ (૧૧) મહિર શાહ (૧૨) વ્રજ શાહ (૧૩) નિલ થોમસ (૧૪) લસાણી કોઠારી (૧૫) સંજીત મનોહર (૧૬) સમવીદ કાને અને (૧૭) જોય શાહને રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ વતી ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ ઓફિસર શ્રી બળદેવભાઈ દેસાઈએ ચેક એનાયત કર્યા હતા. શ્રી અજયભાઈ પટેલ (પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), શ્રી રાકેશભાઈ શાહ (વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) તેમજ શ્રી ભાવેશ પટેલ (સેક્રેટરી, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન)એ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની આ પહેલને બિરદાવી હતી. શ્રી અજયભાઈ પટેલ (પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન)એ ખેલાડીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.



**ચિરવિદાય**

- સ્વ. ઠાકોર સંજયકુમાર વજાજી, ઉ.વ. ૩૦
- સ્વ. રાવલ બળદેવભાઈ છગનદાસ, ઉ.વ. ૮૧